ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

તાપમાન

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૦.૦° સે.	૨૭.૦° સે.
આહવા	૨૮.૦° સે.	૨૪.૦° સે.
વલસાડ	૩૦.૦° સે.	૨૬.૦° સે.
વાપી	૩૦.૦° સે.	૨૬.૦° સે.

૮ | સોમવાર ૨૭ જુલાઈ, ૨૦૨૬ | ચીખલી | બીલીમોરા | વાંસદા | પારડી | ધરમપુર | ઉમરગામ | ડુંગરી | દમણ | સેલવાસ | આહવા | વઘઇ

નવસારીમાં પૂર બાદ આરોગ્ય વિભાગના દાવા સામે સવાલો

નવસારી જિલ્લો પાણી-સફાઈની રાહમાં

લાખો લોકોનું સર્વેલન્સ અને કેમ્પ યોજાયા છતાં અનેક વિસ્તારોમાં ગંદકી અને અસ્વચ્છતા યથાવત

તંત્ર દ્વારા 3.૨૪ લાખથી વધુ લોકોનું સર્વેલન્સ અને ૩૨૨ મેડિકલ કેમ્પ કર્યાનો દાવો

નવસારીઃ પૂર બાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લાખો લોકોનું સર્વેલન્સ, દવાઓનું વિતરણ અને સેંકડો મેડિકલ કેમ્પ યોજ્યાના દાવા કરવામાં આવી રહ્યા છે. જોકે, અસરગ્રસ્ત વિસ્તારોમાંથી હજુ પણ ગંદકી, કાદવ અને અસ્વચ્છ વાતાવરણ અંગે ફરિયાદો સામે આવી રહી હોવાથી તંત્રના દાવા અને વાસ્તવિક સ્થિતિ વચ્ચે અંતર હોવાની ચર્ચા શરૂ થઈ છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ 3.24 લાખથી વધુ લોકોનું આરોગ્ય સર્વેલન્સ કરવામાં આવ્યું છે અને 322 મેડિકલ કેમ્પ દ્વારા 4,741 દર્દીઓને સારવાર આપવામાં આવી છે. બીજી તરફ અનેક વિસ્તારોમાં હજુ સફાઈ કામગીરી અધૂરી હોવાનું અને મચ્છરોના ઉપદ્રવ સાથે દુર્ગંધની સમસ્યા યથાવત હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

સ્થાનિકોનું કહેવું છે કે માત્ર આંકડાઓ જાહેર કરવાથી સ્થિતિ બદલાતી નથી. જ્યાં સુધી અસરગ્રસ્ત વિસ્તારો સંપૂર્ણ સ્વચ્છ નહીં બને, શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા મજબૂત નહીં થાય અને આરોગ્ય સેવાઓ સતત ઉપલબ્ધ નહીં રહે, ત્યાં સુધી રોગચાળાનો ભય ટળી ગયો હોવાનું માનવું મુશ્કેલ છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ લોકો મૂળભૂત સુવિધાઓની રાહ જોઈ રહ્યા છે. આવી સ્થિતિમાં હવે સૌથી મોટો સવાલ એ છે કે જાહેર કરાયેલા આંકડાઓનો વાસ્તવિક લાભ અસરગ્રસ્ત નાગરિકો સુધી કેટલો પહોંચ્યો છે અને બાકી રહેલી ખામીઓ દૂર કરવા તંત્ર ક્યારે અને કેવી રીતે અસરકારક પગલાં ભરશે?

નવસારીની સરકારી વસાહતમાં પૂરગ્રસ્ત પરિવારો સહાયની રાહમાં

નવસારી : શહેરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂર બાદ નવસારીના રિંગ રોડ પર આવેલી સરકારી વસાહતમાં રહેતા અનેક પરિવારો હજુ પણ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ઘરોમાં પાણી ઘૂસી જતાં અનાજ, કપડાં, પથારી સહિતની જરૂરી ઘરવખરીને ભારે નુકસાન થયું છે. રહીશોના કહેવા મુજબ કેટલાક પરિવારોને શરૂઆતમાં રાહત સામગ્રી મળી હતી, પરંતુ હજુ પણ અનેક પરિવારોને પૂરતી મદદની જરૂરિયાત અનુભવાઈ રહી છે. ભોજન, પીવાનું પાણી, કપડાં અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની ઉપલબ્ધિ અંગે પણ સ્થાનિકોએ ચિંતા વ્યક્ત કરી છે. પૂરનું પાણી ઉતરી ગયા બાદ વિસ્તારમાં કાદવ અને ગંદકીના કારણે સ્વચ્છતાનો પ્રશ્ન ઊભો થયો છે. સ્થાનિકોએ આશા વ્યક્ત કરી છે કે સંબંધિત તંત્ર ઝડપથી કાર્યવાહી કરીને અસરગ્રસ્ત પરિવારોને જરૂરી રાહત અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે.

વલસાડ જિલ્લામાં ૩૫૪ માર્ગો પર વાહનવ્યવહાર પૂર્વવત કરાયો

ધરમપુર અને કપરાડામાં થયેલા ભૂસ્ખલન અને માર્ગ પર પડી ગયેલા વૃક્ષો તથા મલબો હટાવાયો

24 ઇમરજન્સી ટીમોના 239 શ્રમિકો અને યાંત્રિક સાધનો કામગીરીમાં જોડાયા

કપરાડાના 20 અને નાનાપોંઢા, વાપીના 19 સહિત કુલ 63 માર્ગો હજુ પણ ઓવર ટોપિંગ

વલસાડ : વલસાડ જિલ્લામાં ભારે વરસાદને લઈ 24 ઇમરજન્સી ટીમો, 46 જે.સી.બી., 22 ટ્રેક્ટર અને 239 થી વધુ શ્રમિકો સતત કાર્યરત રહેતા વલસાડ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના 354 માર્ગો ઉપર વાહનવ્યવહાર પૂર્વવત કરી દેવાયો છે.સૂત્રોના જણાવ્યા મુજબ વલસાડ જિલ્લામાં સતત ત્રણ દિવસથી પડેલા ભારે વરસાદને કારણે અનેક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા તેમજ ધરમપુર અને કપરાડાના વિસ્તારમાં ભૂસ્ખલનના કારણે રસ્તાઓ બંધ થયા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), વલસાડ દ્વારા તાત્કાલિક ઇમરજન્સી કામગીરી હાથ ધરી ગણતરીના કલાકોમાં માર્ગો પરથી મલબો, ઝાડો, દૂર કરીને વાહનવ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો હતો. વિભાગ દ્વારા રાઉન્ડ ધ ક્લોક (૨૪ કલાક) કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કાર્યપાલક ઈજનેર ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, વિભાગ દ્વારા વરસાદી પાણીના વધુ પડતા પ્રવાહને કારણે ઓવરટોપિંગ થયેલી રોડ સાઇડ ગટરોને ખુલ્લી કરવાની કામગીરી, માઇનોર લેન્ડસ્લાઇડિંગને કારણે રસ્તા પર ધસી પડેલી માટી અને પથ્થરોને દૂર કરવાની કામગીરી તેમજ રસ્તા પર ધરાશાયી થયેલા વૃક્ષો અને વીજળીના થાંભલાઓને હટાવી માર્ગોને અવરજવર માટે સલામત બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

ડાંગમાં ભૂકંપના આંચકાની વાયરલ થયેલી પોસ્ટ અફવા

ગાંધીનગરથી કોઈ સત્તાવાર નોંધ નહીં હોવાથી અફવાઓથી દૂર રહેવા નાગરિકોને અપીલ

સાપુતારા : દક્ષિણ ગુજરાત સહિત ડાંગ જિલ્લાનાં સોશિયલ મીડિયા ગ્રૂપોમાં ડી.એન.આર.સી. (Dang Nature Research Centre)ના નામે ડાંગ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હોવાની એક પોસ્ટ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટમાં દર્શાવવામાં આવેલી માહિતી સંપૂર્ણપણે ભ્રામક અને અફવાજનક છે. ડાંગ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન (District Disaster Management Authority) દ્વારા આ અંગે તાત્કાલિક ગાંધીનગર સ્થિત સંબંધિત ઉચ્ચ કચેરી સુધી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ડાંગ જિલ્લામાં ભૂકંપ નોંધાયો હોવાની કોઈ સત્તાવાર માહિતી કે પુષ્ટિ પ્રાપ્ત થઈ નથી. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે આવી બિનઆધારભૂત અને ભ્રામક પોસ્ટો પર વિશ્વાસ ન કરે તેમજ સોશિયલ મીડિયામાં આવી અફવાઓને શેર કરવાથી દૂર રહે. કોઈપણ ઘટના અંગે માત્ર સરકારી વિભાગો અને અધિકૃત સ્ત્રોતો દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી પર જ વિશ્વાસ રાખવો. જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા વધુમાં જણાવ્યું છે કે ગાંધીનગરથી રોજેરોજ રિપોર્ટકાર્ડ અપડેટ થાય છે.

આવી કોઈ ઘટના કે બનાવ સામે આવ્યો નથી. રાજ્ય સરકારનું ડિઝાસ્ટર વિભાગ એલર્ટ મોડમાં જ હોય છે. જેથી લોકોમાં ગેરસમજ અને ભય ફેલાવવાના હેતુથી ખોટી માહિતી પ્રસારિત કરનાર આવા ગ્રુપો સામે ધ્યાન નહીં આપવા અનુરોધ કરાયો છે.

ગણદેવીની સોસાયટીમાં બંધ મકાનને તસ્કરોએ બનાવ્યું નિશાન

સોનાના દાગીના અને મિલકત મળી રૂપિયા ૪.૯૫ લાખની ચોરી

બીલીમોરા : બીલીમોરાના ગણદેવી સ્થિત અવસરવિલા-૧ સોસાયટીમાં બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યો તસ્કર સોનાના દાગીના તથા કપડાં ભરેલી બેગ સહિત રૂપિયા ૪,૯૫,૪૮૯ ની મત્તા ચોરીને ફરાર થઈ ગયો હતો. આ અંગે ગણદેવી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ દિલ્હીના અને હાલ ગણદેવીમાં ભાડેથી રહેતા શિવમ રાજેશભાઈ ભારદ્વાજ અને તેમની પત્ની ડો. વૃષ્ટિ ગાંધી શનિવારે સાંજે ગણપતિની મૂર્તિ બુક કરાવવા ઘરને તાળું મારીને બહાર ગયા હતા.

રાત્રે પરત ફરતા ઘરનો સામાન વેરવિખેર હતો અને પહેલા માળની બાલ્કનીનો સ્લાઈડર ડોર ખુલ્લો જણાયો હતો. કબાટમાંથી સોનાની બે બંગડીઓ કિંમત રૂ. ૩,૬૭,૧૩૯, સોનાની ચેન કિંમત રૂ. ૮૮,૩૫૦, સોનાનું પેન્ડલ કિંમત રૂ. ૪૦ હજાર તેમજ કપડાં ભરેલી બેગ મળી કુલ રૂપિયા ૪,૯૫,૪૮૯ ની ચોરી થઈ હતી.ઘટના બાદ સોસાયટીના સીસીટીવી ફૂટેજ તપાસતા એક અજાણ્યો તસ્કર સાંજે ૦૬:૫૧ વાગ્યે સોસાયટીમાં પ્રવેશી, પહેલા માળની બાલ્કની મારફતે ઘરમાં ઘૂસીને ચોરીને અંજામ આપ્યા બાદ રાત્રે ૦૮:૦૨ વાગ્યે બેગ સાથે મુખ્ય ગેટથી બહાર નીકળતો નજરે પડ્યો હતો.

આ અંગે શિવમ ભારદ્વાજની ફરિયાદના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર એન. આઈ. રાઠોડે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવીના આધારે તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

કપરાડાના ધારણમાળ ગામમાં ભારે વરસાદથી ડુંગરનો ભાગ ફાટી ગયો

વલસાડ : કપરાડા તાલુકાના ધારણમાળ ગામમાં ભારે વરસાદના કારણે ડુંગરમાંથી અનેક ઝરણાં ફૂટી નીકળતાં અચાનક ડુંગરનો ભાગ ફાટી ગયો હતો, જેના કારણે મોટી માત્રામાં જમીન ધસી પડતાં વિસ્તારમાં ભારે નુકસાન થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ધારણમાળ ગામ નજીક આવેલો અંદાજે પાંચ કિલોમીટર લાંબો ડુંગરાળ વિસ્તાર ભારે વરસાદથી પ્રભાવિત બન્યો છે. ડુંગર ધસી પડતાં આસપાસના વિસ્તારમાં નુકસાન સર્જાયું છે. સ્થળ પર પૂર્વ કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ મોહન ગરેલ તેમજ કપરાડા તાલુકાના ભાજપ મહામંત્રી મુકેશ ખરપડે સહિત સ્થાનિક આગેવાનો પહોંચી પરિસ્થિતિ જાણી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારનું નિરીક્ષણ કરી સંબંધિત તંત્રને તાત્કાલિક સર્વે હાથ ધરી જરૂરી રાહત અને સહાયની કાર્યવાહી કરવા રજૂઆત કરવાની વાત કરી હતી.

ચીખલીમાં ૨૦ આંતરિક માર્ગો બે જ દિવસમાં પૂર્વવત કરાયા

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકામાં માર્ગ મકાન પંચાયત દ્વારા અતિભારે વરસાદ અને પૂરમાં માર્ગોને થયેલા નુકશાનમાં દિવસ રાત છ જેટલી ટીમો કામે લગાડી યુદ્ધના ધોરણે બે જ દિવસમાં વીસ જેટલા માર્ગોની મરામત કરાવી વાહન વ્યવહાર પૂર્વવત કરાતા લોકોને મોટી રાહત થવા પામી છે. તાલુકા અને ઉપરવાસમાં ગુરુવારના રોજ ખાબકેલા અતિભારે વરસાદ અને પૂરમાં ગામે ગામ અનેક આંતરિક માર્ગોના ધોવાણ સાથે મોટાપાયે નુકશાન થયુ હતુ અને ગ્રામ્ય વિસ્તારના લોકોની કરોડરજ્જુ સમાન માર્ગો પર વાહન વ્યવહારમાં બાધા ઉભી થતા વરસાદનું જોર ઘીમુ પડતાની સાથે જ માર્ગ મકાન પંચાયત દ્વારા અલગ અલગ છ જેટલી ટીમો અને જેસીબી જેવા યાંત્રિક સાધનોનો કાફલો ઉતારી દેવામાં આવ્યો હતો. સૌથી વધુ પ્રભાવિત થયેલા વીસ જેટલા માર્ગોની મરામત તાકીદે હાથ ધરી મોડી રાત સુધી કામગીરી ચાલુ રાખી ખુબ જ ટૂંકા ગાળામાં આ માર્ગોને યથાવત સ્થિતિમાં લાવી સુચારૂ વાહનોની અવર જવર માટે અનુકૂળ કરવામાં આવ્યા હતા. માર્ગ મકાન પંચાયત દ્વારા ગ્રામ્ય વિસ્તારના માર્ગોની મરામતને પ્રાધાન્ય આપી તાકીદે મરામત કરાતા લોકોને મોટી રાહત થવા પામી હતી.

ધરમપુર પી.આઇ.ની આગેવાની હેઠળ વરસાદગ્રસ્ત પરિવારોને રાહત

આસીફ શેખ

ધરમપુર : ધરમપુર તાલુકામાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદને કારણે અનેક ગામો અને ફળિયાઓમાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે. આવી પરિસ્થિતિમાં ધરમપુર પોલીસ સ્ટેશન દ્વારા અસરગ્રસ્ત પરિવારોને જરૂરી સહાય પહોંચાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. પોલીસ ઇન્સ્પેક્ટર નિખિલ ભોયાની આગેવાની હેઠળ પોલીસ ટીમે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રાહત સામગ્રીનું વિતરણ કર્યું હતું. ધરમપુર પોલીસ દ્વારા અત્યાર સુધીમાં 70 રાશન કિટ (15 દિવસ માટેની આવશ્યક સામગ્રી), 70 વાસણ કિટ તેમજ 550 ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. રાહત સામગ્રીનું વિતરણ વરસાદથી વધુ અસરગ્રસ્ત પરિવારોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

સિગરેટ આપવાની ના પાડતા ગ્રાહકે દુકાનદારને લાફો મારી દીધો

વાપી : મૂળ રાજકોટના અને હાલ વાપી જીઆઈડીસી ગાર્ડન પાસે એ-ટાઇપ કોલોનીમાં રહેતા માનસિંહ ડુંગરસિંહ પરમાર (ઉ.વ. ૪૫)ની નેશનલ હાઇવે નંબર-૪૮ના સર્વિસ રોડ પર જલારામ મંદિર સામે આવેલા યમુના કોમ્પ્લેક્સમાં કોલ્ડ્રિંક્સ અને પાન-મસાલાની દુકાન આવેલી છે. ગત ૨૨ જુલાઇએ એક નંબર વગરની કાળી સ્કોર્પિયો કારમાં આવેલા ઇસમે સિગરેટનું પેકેટ માંગ્યું હતું. દુકાનદારે પેકેટ વેચાણ કરતા ન હોવાનું જણાવતા તેણે ૧૦ સિગરેટ માંગી હતી અને ઓનલાઇન Payment ચૂકવ્યું હતું. ત્યારબાદ તે ઇસમે દુકાનદાર સાથે બોલાચાલી કરી ‘તમે લૂંટ મચાવી છે’ તેમ કહી ઉશ્કેરાઈને લાફો મારી દીધો હતો. જ્યારે દુકાનદાર બહાર આવ્યો ત્યારે તે શખ્સે કાર ચાલુ કરી દુકાનદારક ઉપર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો, જે લાકડાના કાઉન્ટર પર અથડાઈ હતી. આ દરમિયાન દુકાનદારનો નાનો ભાઈ આવતા તેને પણ કાર ચડાવવાની કોશિશ કરી હતી અને રિવર્સ કરતી વખતે અન્ય વાહનને ટક્કર મારી હતી. આ શખ્સે ઓનલાઇન રકમ ચૂકવી ત્યારે તેમાં અજરૂદ્દીન ઈનુદ્દીન ખાન નામ બતાવતું હતું. આ અંગે માનસિંહ પરમારે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાંસદામાં તણાયેલા બે અને નદીમાં કૂદનાર યુવક સહિત ત્રણના મૃતદેહ મળ્યા

વાંસદા : વાંસદા તાલુકામાં ગુરુવારે પડેલા અતિભારે વરસાદને કારણે નદી-નાળા છલકાઈ જવાથી અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન બનેલી બે અલગ-અલગ દુર્ઘટનાઓમાં ગુમ થયેલા ત્રણેય યુવકોના મૃતદેહ મળી આવ્યા છે. પ્રથમ ઘટનામાં, ગંગપુરથી લીમઝર માર્ગ પર આવેલા કોઝવે પર પાણી વહેતું હોવા છતાં રંગપુર ગામના રાજવીર હંસરાજ ભોયા (ઉ.વ. 24) અને મયુર કલ્પેશભાઈ ગાયકવાડ (ઉ.વ. 21) બાઇક પરથી પસાર થવાનો પ્રયાસ કરતા તણાઈ ગયા હતા. શોધખોળ દરમિયાન શુક્રવારે રાજવીર ભોયાનો મૃતદેહ લીમઝર ગામની સીમમાંથી મળી આવ્યો હતો. જ્યારે મયુર ગાયકવાડની શોધખોળ માટે વાંસદા મામલતદાર, રંગપુરના સરપંચ, લોચન શાસ્ત્રી, NDRF ટીમ તથા વહીવટી તંત્ર દ્વારા સતત કામગીરી હાથ ધરતા તેમનો મૃતદેહ ચીકટિયા ગામ નજીકથી મળી આવ્યો હતો. બીજી ઘટનામાં, મોટી વાલઝર ગામના જામન ફળિયામાં રહેતા વિકેશ કાન્તીભાઈ પટેલ (ઉ.વ. 26) રાનકુવાથી ખડકાળા તરફ જતા માર્ગ પર આવેલા કાવેરી નદીના પુલ પરથી અગમ્ય કારણોસર નદીમાં કૂદી ગયા હતા. સતત શોધખોળ બાદ તેમનો મૃતદેહ પણ મોટી વાલઝર નદી ફળિયા વિસ્તારમાંથી મળી આવ્યો હતો. આ ત્રણેય બનાવથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

ડાંગ જિલ્લામાં ભારે વરસાદથી નુકસાન પામેલા ૫૩ વીજ થાંભલાઓ ઊભા કરાયા

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લામાં વરસાદના કારણે અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવા તેમજ ભેખડો ધસી પડવાના બનાવોને પગલે વીજ થાંભલાઓને નુકસાન પહોંચ્યુ હતુ. આ પરિસ્થિતિમાં જિલ્લા કલેક્ટર એન.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ DGVCL દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને જિલ્લામાં કુલ ૫૩ વીજ થાંભલાઓ ઉભા કરી વીજ પુરવઠો સફળતાપૂર્વક પૂર્વવત કરવામાં આવ્યો છે. DGVCLની ટીમો સતત ફિલ્ડમાં રહીને વીજ લાઈનોનું નિરીક્ષણ, સમારકામ અને સલામત રીતે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી કરી રહી છે. ઉપરાંત જિલ્લાના, આહવા, વઘઈ, સુબીર અને શબરીધામ સહિતના વિસ્તારોમાં વીજ પુરવઠો અને સંચાર સેવાઓ અવિરત રહે તે માટે DGVCL ની ટીમો સતત મોનિટરિંગ કરી રહી છે.

વલસાડ જિલ્લાના કપરાડામાં 5.31 ઇંચ વરસાદ

વલસાડ : વલસાડ જિલ્લામાં ભારે વરસાદના દોર બાદ વરસાદનું જોર ઘીમે ઘીમે ઘટી રહ્યું છે. જોકે જિલ્લાના કપરાડા અને નાનાપોંઢામાં વરસાદનો દોર ચાલુ રહ્યો છે. 25 જુલાઈ સાંજે 6 વાગ્યાથી 26 જુલાઈ સાંજે 6 વાગ્યા સુધીના 24 કલાકમાં કપરાડા તાલુકામાં સૌથી વધુ 135 મિમી એટલે કે 5.31 ઇંચ વરસાદ નોંધાયો છે. જિલ્લા કન્ટ્રોલ રૂમના બે-બે કલાકના વરસાદના આંકડાઓના આધારે આ ગણતરી કરવામાં આવી છે. 24 કલાક દરમિયાન તાલુકાવાર વરસાદ જોઈએ તો કપરાડામાં 135 મીમી (5.31 ઇંચ), નાનાપોંઢામાં 56 મીમી (2.20 ઇંચ), ધરમપુરમાં 52 મીમી (2.05 ઇંચ), વાપીમાં 24 મીમી (0.94 ઇંચ), પારડીમાં 13 મીમી (0.51 ઇંચ), ઉમરગામમાં 5 મીમી (0.20 ઇંચ) અને વલસાડમાં માત્ર 4 મીમી (0.16 ઇંચ) વરસાદ નોંધાયો હતો.

સૌથી વધુ પૂરગ્રસ્ત ઉમરગામના ગામોની કલેક્ટરે મુલાકાત લીધી

સંજાણ અને ટીંભી ગામની મુલાકાત લઈ નાગરિકોની વેદના જાણી

ઉમેશ સોલંકી

ઉમરગામ : સૌથી વધુ પૂર અસરગ્રસ્ત ઉમરગામ તાલુકાના ગામોની જિલ્લા કલેકટર નીતિન સાંગવાને રવિવારે મુલાકાત લીધી હતી. અસરગ્રસ્તો સાથે વાતચીત કરી આ વિકટ પરિસ્થિતિમાં વહીવટી તંત્ર તેમની સાથે હોવાની સહાનુભૂતિ પાઠવી હતી.

તાલુકામાં રેકોર્ડબ્રેક વરસાદને પગલે પૂર આવતા ભારે તારાજી સર્જાઈ હતી. આ વિકટ પરિસ્થિતિમાં પુનર્વસનની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ છે. પાલિકા, ગ્રામ પંચાયતો, વીજ કંપની, માર્ગ અને મકાન, આરોગ્ય તથા પાણી પુરવઠા વિભાગ દ્વારા કામગીરી ચાલી રહી છે. નુકસાની વળતર માટે કેશડોલ ચૂકવવા સર્વેની કામગીરી પણ ગામેગામ શરૂ છે. આ કામગીરીનું નિરીક્ષણ કરવા કલેકટરશ્રી અધિકારીઓની ટીમ સાથે ઉમરગામના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચ્યા હતા.

કલેક્ટરે સંજાણ ગામની લેપ્રસી કોલોનીમાં થયેલા નુકસાન અંગે અસરગ્રસ્તો સાથે વાતચીત કરી હતી. ગ્રામ પંચાયત ખાતે ચાલી રહેલી સહાય વિતરણનું નિરીક્ષણ કરી લોકોની વ્યથા જાણી હતી. સફાઈ કામગીરી વહેલી તકે પૂર્ણ કરવા અને જરૂર પડ્યે વધારાનો સ્ટાફ તૈનાત કરવા સૂચના આપી સર્વે પૂર્ણ થતાં જ વહેલી તકે સહાય ચૂકવવાની હૈયાધરપત આપી હતી.

ગ્રીડ બ્રિજ પર મોપેડ સ્લીપ થતાં 25 વર્ષીય યુવકનું મોત

નવસારીઃ નવસારી શહેરના ગ્રીડ ફન સીટી હોટલ પાસે આવેલા બ્રિજ પર મોપેડ સ્લીપ થતાં સર્જાયેલા ગંભીર અકસ્માતમાં 25 વર્ષીય યુવકનું મોત નીપજ્યું છે. ઘેલખડી નવા મોહલ્લાના રહેવાસી કુણાલ મહેશભાઈ પટેલ પોતાની TVS NTORQ મોપેડ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરઝડપ અને ગફલતભરી રીતે વાહન ચલાવવાના કારણે મોપેડ સ્લીપ થઈ ગયું હતું. અકસ્માતમાં તેમને માથા, કમર અને પગના ગોઠણમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

માથામાં ગંભીર ઈજાના કારણે બ્રેઈન હેમરેજ થતાં તેમનું સારવાર દરમિયાન કરૂણ મોત થયું હતું. સમગ્ર મામલે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વલસાડના કૈલાસરોડનો બ્રિજ બે દિવસમાં શરૂ થશે

વલસાડ : વલસાડ જિલ્લામાં તાજેતરમાં આવેલા પુરના કારણે અનેક રસ્તાઓ, પુલોને નુકસાન થયું હતું. જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ તમામ વિભાગો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે.

વલસાડ કૈલાસ રોડ ખેરગામ-વલસાડને જોડતો બ્રીજ પર ખાડાઓ સાથે ક્ષતિગ્રસ્ત થયો હતો. માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર જતીન પટેલના જણાવ્યા અનુસાર, આ બ્રિજના મરામત માટે મશીનરી સાથે ઝડપભેર કામગીરી શરૂ કરવામાં આવી છે.

અંદાજીત ૪૦ જેટલા ગામોને વાહનવ્યહાર માટે ઉપયોગી આ બ્રિજ બે દિવસમાં વાહન વ્યહાર માટે પુર્વવત કરવામાં આવશે. જેથી લોકોને વાહનવ્યવહાર માટે સરળતા થશે. જિલ્લામાં અન્ય માર્ગોને પણ રીપેર કરવામાં આવી રહ્યા છે.

ડોન હિલ સ્ટેશનના માર્ગ પરથી કાટમાળ હટાવાયો

સાપુતારામાં ભારે વરસાદથી પ્રભાવિત માર્ગો પૂર્વવત કરવા યુદ્ધના ધોરણે કામગીરી

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લામાં વરસાદના કારણે જિલ્લાના વિવિધ ગ્રામ્ય માર્ગો, કોઝવે, પુલો, પાઇપ કલ્વર્ટ તથા સાઇડ ડ્રેનોને નુકસાન પહોંચ્યું હતું. અનેક સ્થળોએ ભૂસ્ખલન, મોટા પથ્થરો, કાદવ અને વૃક્ષોની ડાળીઓ રસ્તા પર આવી જતાં વાહનવ્યવહાર પ્રભાવિત બન્યો હતો. જેને માર્ગ અને મકાન વિભાગ, આહવા દ્વારા અધિકારીએ મશીનરી સાથે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે. ૨૪ જુલાઈનાં રોજ ડોન હિલ સ્ટેશન જવાના માર્ગ પર મોટા પથ્થરો, માટી અને કાટમાળ ધસી આવ્યો હતો. જેને જે.સી.બી. તથા અન્ય સાધનોની મદદથી કાટમાળ દૂર કરાતા થોડા જ સમયમાં માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જિલ્લાના અન્ય વિસ્તારોના માર્ગો પર પેચવર્ક, વેટ મિક્સ, શોલ્ડર મરામત, સાઇડ ડ્રેન સફાઈ, લેવલિંગ તથા કાટમાળ દૂર કરવાની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. જિલ્લામાં હાલ ૧૦ જે.સી.બી., ૮ ટ્રેક્ટર, ડમ્પર, ટ્રોલી, રોલર, ટ્રી કટર સહિતની મશીનરી અને ૫૫થી વધુ અધિકારી મેદાનમાં રહીને કામગીરી કરી રહ્યા છે.